# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૩૨ • તા. ૧૯ જાન્યુઆી થી ૨૫ જાન્યુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ
શ્રીમતી લક્ષ્મીબેન વીરજી લધાભાઇ ક.દ.ઓ.કન્યા છાત્રાલય - ઘાટકોપર

## નવરંગ ૨૦૧૯

## Navrang

COLORS OF VLVG-BAK & LVL



# Annual Day Celebration

**Saturday, 5th January, 2019 • Smt. Bhuriben Auditorium, Ghatkopar (West)**

જેમ જેમ માણસ તેના જીવન કાર્યોમાં

ઊંચાઈએ પહોંચતો જાય છે,

તેમ તેમ તે વધુને વધુ નમ્રતા ધારણ કરતો જાય છે.

જેમ મધુરા ફળો આવવાથી વૃક્ષની ડાળીઓ

નીચી નમીને ફળ ચાખનારને વંદન કરે છે.

– સંસ્કૃત સુભાષિત




નીશિથ આનંદ દંડ

Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
Tel. 9769991922
9833406124


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# સફળ થવા માટે, નિષ્ફળતા મળવી જરૂરી

અનુભવીઓ કહી ગયા છે કે જીતના અનેક યશદાર હોય છે. પણ નિષ્ફળતાનો કોઈ નહીં. વિજય સૌને ગમે છે પણ હારને યાદ કરવું કોઈને નથી ગમતું. આમ જોઈએ તો હાર પામીને તેના કારણોમાં ઊંડા ઉતરીને જીત તરફ આગળ વધાય છે. હાર, પરાજય, પરાસ્ત, પરાભવએ વ્યક્તિના પતનના કારણો ભલે હોય પણ તેનું ઊંડું વિશ્લેષણ કરી બમણાં વેગથી જીત તરફ ધસી શકે છે. હાર પામી હતાંશ થઈ નાસી પાસ થવાથી, કપાળે હાથ ધરી બેસી જવાથી કંઈ વળે નહીં. હાર વ્યક્તિના વેગ માટે સ્પીડ બ્રેકર ભલે બની હોય પણ તે એન્ડિંગ પોઈન્ટ ન બનવી જોઈએ.

સફળતાના કારણ ભલે કંઈ પણ હોય પણ નિષ્ફળતા મોટે ભાગે પોતાના કારણે જ મળતી હોય છે. સફળતાના કારણો બહુ જૂજ હોય છે. પણ નિષ્ફળતા માટેના કારણો, તેને આધાર આપે એવા બહાનો હજારો મળી રહે છે. નિષ્ફળ થનાર વ્યક્તિ મોટે ભાગે પરિસ્થિતિ અને સંજોગોને દોષ દે છે. અને છેવટે કંઈ જ હાથ ન ચડેતો  છેલ્લે નસીબનો વાંકા ગ્રહોનો, નડતી પનોતીનો વાંક કાઢે છે અને હતાશાની ગર્તામાં સરી પડે છે. ઈતિહાસ ગવાહી પૂરે છે કે દુનિયામાં જે લોકોએ નવું અને મહાન કાર્ય કર્યુ છે. એ બધા વિપરીત સંજોગો સામે ઝઝૂમીને આત્મ બળ સાથે સામી છાતીએ લડીને સફળ થયા છે.

સફળ થવું અઘરું નથી પરંતુ સફળતા ટકાવી રાખવી વધુ આકરી છે. હરિફાઈમાં સૌની નજર આપણી પર ભલે હોય, પણ આપણી નજર લક્ષ્ય પર હોવી જોઈએ એક વખત નિષ્ફળ ગયેલ માનવીને બીજી નવી તક મળતી જ હોય છે. એક વખત નિષ્ફળ જવાથી કાયમ માટે સ્પર્ધા બહાર થઈ જવાતું નથી. નવી સ્પર્ધા એ નવી તક આપે છે. વારંવારની નિષ્ફળતા જ અંતે માણસને નિષ્ફળ બનાવે છે. સફળતા મેળવવાનો મોટો પાઠ નિષ્ફળતા માંથી જ તો મળે છે.

નિષ્ફળતાથી ડરવાની કે હારવાની જરૂર નથી હતાશા ભેર હાથ પર હાથ પર હાથ ધરી બેસવાનું નથી. નિષ્ફળતાનું વિશ્લેષણ કરી બમણા વેગથી જમ્પ લગાવવું છે. નિષ્ફળ વ્યક્તિએ છે એને સમજવામાં થાપ ખાય છે. આખરે તો સફળતાનો સરળ માર્ગ નિષ્ફળતામાં જ ક્યાંય છૂપાયેલો હોય છે. માત્ર આપણને એ શોધતા આવડતું જોઈએ હતાશા નિરાશા અફસોસ કાયમ કરવાથી સફળતા સરકી જાય છે. થઈ ગયું એ થઈ ગયું તેનો અફસોસ કરવાથી લક્ષ્ય છટકી જાય છે. નિષ્ફળતાને મન મસ્તિકથી જલદી ઝાટકી નાખશો તો સફળથાના લક્ષ્ય તરફ વેગભેર ધપી શકશો. કારણ કે સફળ થવા માટે નિષ્ફળતા જરૂરી છે! કારણ કે તેજ તો બુસ્ટર આપે છે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
# શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ
# શ્રીમતી લક્ષ્મીબેન વીરજી લધાભાઇ ક.દ.ઓ.કન્યા છાત્રાલય - ઘાટકોપર

## નવરંગ ૨૦૧૯
## Navrang
COLORS OF VLVG-BAK & LVL



## Annual Day Celebration
**Saturday, 5th January, 2019**
**Smt. Bhuriben Auditorium, Ghatkopar (W)**

૭ જાન્યુઆરી ૨૦૧૭નો દિવસ સોનેરી સંભારણું હતું. કારણ શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર શ્રી ભવાનજી અરજણ ખીમજી **એજ્યુકેશનલ કેમ્પસના નવા સંકુલના લોકાર્પણ** વિધિ ઘણા જ ઠાઠમાઠથી કરવામાં આવી હતી. **ત્યારથી જ** દર વર્ષે **જાન્યુઆરી મહિનામાં પહેલા શનિવાર કે** રવિવારે વાર્ષિક દિનની ઉજવણી કરવાની પ્રણાલિકા શરૂ થઇ.

શનિવાર, તા. ૦૫.૦૧.૨૦૧૯ના રોજ ઉપરોક્ત સંસ્થાઓનું વાર્ષિક દિન (Annual Day, Navrang-2019) નવરંગ - ૨૦૧૯નું આયોજન શ્રીમતી ભુરીબેન ઑડીટોરીયમ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ) સ્થાનકે કરવામાં આવ્યો. શ્રી વી.એલ.વી.જી. ખાતે વિદ્યાર્થીઓના માતા-પિતા અને આમંત્રિત મહેમાનો સહ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.

શ્રી વી.એલ.વી.જી.ના વિદ્યાર્થીઓ તેમજ શ્રીમતી એલ.વી.એલ. કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા સંયુક્ત રૂપે નવરંગ-૨૦૧૯નો સાંસ્કૃતિક કાર્યક્રમ ઠીક સાંજે ૭ કલાકે શરૂ કરવામાં આવેલ. જેમાં પ્રથમ બન્ને સંસ્થાઓના ટ્રસ્ટી, વ્યવસ્થાપક સમિતિના અધિકારીઓ તેમજ આમંત્રિત મહેમાનોના હસ્તે શ્રી નવકાર મહામંત્રના સ્મરણ સાથે દીપ પ્રજ્વલન કરવામાં આવ્યું.

શાળા વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા માતા-પિતાનું ભગવાન કરતાં પણ આગવું સ્થાન છે જે પ્રસ્તુત કરતી નૃત્ય નાટિકા રજૂ કરવામાં આવેલ તેવી જ રીતે શ્રી ગણેશ વંદના મરાઠી નૃત્ય રજૂ કરવામાં આવેલ. શાળા વિભાગના બાળકો અને તેમના માતા-પિતા પણ નૃત્ય નાટિકામાં ભાગ લીધો જે વાત વિશેષ ધ્યાન ખેંચતી હતી. એ પછી જોકર ડાન્સ, સોલો ડાન્સ, રોબોટિક્સ, રાજસ્થાની ઘૂમર ડાન્સ, ગ્લોબલ વિલેજ, બેલેટ, હીપ-હોપ, જાવે, બોલીવુડ અને જય હો વગેરે નૃત્યુઓની વણઝારથી આખું સ્ટેજ ઘમઘમી ઉઠયું.

કાર્ડબોર્ડના બોક્સ ઉપર ભૂતપૂર્વ રાષ્ટ્ર પ્રમુખ શ્રી અબ્દુલ કલામનું ઇન્સ્ટન્ટ પેઇન્ટેડ ચિત્ર શ્રી હૃદય લોડાયા, કુ. શીતલ મોમાયા દ્વારા રજુ કરવામાં આવેલ. વિશેષ ફેશન શૉ માં (કચ્છી-લીજેન્ડસ)માં દશાઇના શિરમોર સમા જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા, શ્રી વીરજી લધાભાઇ, શ્રી કેશવજી નાયક, શ્રી વેલજી માલુ, શ્રી ભવાનજી નાથુ મૈશેરી, શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી પુનશી હીરજી મૈશેરી, શ્રી ખેતશી ખીંયશી ધુલ્લા, શ્રી લખમશી હીરજી મૈશેરી, શ્રી ખીમજી હીરજી કાયાણી અને શિક્ષણ ક્ષેત્રે ભીષ્મ પિતામહનું બિરૂદ પામનારા શ્રી શીવજી કુંવરજી વિકમશી જેવા મહાનુભાવોનું દર્શન કરાવનારા આ કાર્યક્રમનું સૌ પ્રેક્ષકોએ ઊભા રહીને આદરાંજલી આપી કાર્યક્રમની વચ્ચે શ્રી વી.એલ.વી.જી. તેમજ શ્રી એલ.વી.એલ. કન્યા છાત્રાલયમાં અપાતી અદ્યતન સગવડોનું તેમજ વર્ષ દરમ્યાન થતી વિવિધલક્ષી પ્રવૃત્તિઓની વિડિઓ દ્વારા દર્શકોને માહિતી આપેલ. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કમલેશભાઇ વિકમશી, શ્રી હીરાચંદભાઇ દંડ અને શ્રી નરેશભાઇ મોમાયા દ્વારા પ્રાસંગિક પ્રવચનો અને સંસ્થાઓ માટેની દાતાઓ તરફથી આવતી દાનગંગાની માહિતી આપેલ. હાલ માં જ ગત વર્ષે રૂા. ૬૧ લાખનું દાન આપનાર કુ. યામીની કાંતિલાલ મોમાયા (વડોદરા) હ. શ્રી રમેશચંદ્ર હીરાચંદ ભાટે તથા રૂા. ૫૫ લાખનું દાન આપનાર શ્રી રાયચંદ હંસરાજ ઘરમશી ચેરીટેબલ ટ્રસ્ટ (વરલી-સુથરી), રૂા. ૧૧ લાખનું દાન આપનાર શ્રીમતી મૃદુલાબેન ચંદ્રકાંત દૌલતના સ્મરણાર્થે શ્રીમતી મણીબેન ઘનજી દંડ પરિવાર (સુથરી), રૂા. ૧૧ લાખ શ્રીમતી દમયંતિબેન મણીલાલ માણેકજી લોડાયા પરિવાર (જખૌ-ઘાટકોપર)-શ્રીમતી ગૌરાંગીબેન કમલેશ લોડાયા (જૈન) નું બહુમાન કરવામાં આવેલ.

વાર્ષિક દિનની ઉજવણી નિમિત્તે સ્મરણિકા (સોવેનીયર)નું અનાવરણ અને પ્રકાશન વિધિ કરવામાં આવેલ. આખા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર તેમજ સંસ્થાના નિયમો પ્રમાણે વિનમ્ર, સ્કોલર અને તરવરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં સ્ટુડન્ટ ઓફ ધી યેર (૨૦૧૮-૧૯ વર્ષના આદર્શ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીનું ચયન કરી સ્ટુડન્ટ ઓફ ધી યેર)ની ટ્રોફી એનાયત કરવામાં આવેલ. એલ.વી.એલ. કન્યા છાત્રાલયના વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ શ્રીમતી વિમલાબેન ગોસર દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

નવરંગ-૨૦૧૯ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના સભ્ય શ્રી અનુજ ગીરીશ લોડાયા, શ્રીમતી પ્રીતિબેન જૈન (ધુલ્લા), શ્રીમતી નિતલબેન લોડાયા, શ્રીમતી હીનાબેન કલ્પરાજ ઘરમશી, શ્રી હીતેશભાઇ ભટ્ટ, સુપ્રિટેન્ડેન્ટ શ્રી સનત્ ખોના, શ્રીમતી જીજ્ઞાબેન લોડાયા, વિદ્યાર્થીગૃહના કેપ્ટન શ્રી ગુલશન ડાઘા, શ્રી દર્પણ મોતા, શ્રી ઉર્મિલ રતાણી, શ્રી ઉજ્વલ લોડાયા, શ્રી વદંન ઘરમશી, શ્રી ધવલ ગોસર, શ્રી ભૂમિત લોડાયા, શ્રી દર્શન કુરૂવા, શ્રી મોહીત લાપસીયા અને બોઇઝ વિદ્યાર્થીગૃહ ટીમ તેમજ કન્યા છાત્રાલય વતી કુ. ચૈતાલી ઘરમશી, કુ. ખુશ્બુ ડાઘા, કુ. ચાર્મી રતાણી, કુ. પૂજા લોડાયા અને કન્યા છાત્રાલયની ટીમ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ સંચાલન ટીમના સર્વે સભ્યોનો અથાગ પ્રયાસ હતો.

# નવરંગ ૨૦૧૯ Navrang
COLORS OF VLVG-BAK & LVL



કન્યા છાત્રાલય-ગર્લ્સ સ્ટન્ટ



રાજસ્થાની ફોક ડાન્સ



જોકર ડાન્સ



વી.એલ.વી.જી. કીડસ્ ડાન્સ



વી.એલ.વી.જી. રોબોટીક્સ ડાન્સ



ગણેશ વંદના નૃત્ય



વી.એલ.વી.જી. બેન્ડ ઓફ બોઇઝ



વી.એલ.વી.જી. જય હો! નૃત્ય



કન્યા છાત્રાલય - લાવણી નૃત્ય



મધર ચેટીટ્યુડ ડાન્સ



ગ્લોબલ વિલેજ - બેલે ડાન્સ



લાઇવ બોક્ષ પેઇન્ટીંગ



વી.એલ.વી.જી ડ્યુએટ ડાન્સ



કન્યા છાત્રાલય - ચાર્લી ચેપ્લીન ડાન્સ



સાંસ્કૃતિક સમિતિના સભ્યો

નવરંગ ૨૦૧૯
# Navrang
COLORS OF VLVG-BAK & LVL


વી.એલ.વી.જી. સ્ટન્ટ


કન્યા છાત્રાલય - એટીટ્યુડ


કિડ્સ - પેરેન્ટસ્ ડાન્સ


શ્રી ભુમિત લોડાયા - શ્રી ગુલશન ડાઘા


કુ. પૂજા લોડાયા - શ્રીમતી દીપ્તિબેન ધરમશી


શ્રી નરેશ મોમાયા - શ્રી મધુકાંત ખોના


નવરંગ - ૨૦૧૯માં પધારેલ ટ્રસ્ટીગણ, પદાધિકારી, દાતાશ્રી પરિવારો તથા આમંત્રિત મહાનુભાવો




સ્ટુડન્ટ ઓફ યેર: શ્રુત દંડ, ચૈતાલી ધરમશી, તનય ખોના/ટ્રોફી આપનાર: શ્રીમતી દમયંતિબેન લોડાયા, શ્રીમતી વિમલાબેન ગોસર, શ્રી પરાગ છેડા, શ્રી રાજેશ ધરમશી


નવરંગ ૨૦૧૯ નિહાળતા પ્રેક્ષક વર્ગ


સંસ્થાના મહિલા પદાધિકારીઓ


વી.એલ.વી.જી. બોઇઝ, એલ.વી.એલ. ગર્લ્સ ટીમ

# પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજનું ભલારાદાદા લાલપુર સ્થાનકે ઉષ્માભર્યું સામૈયું









બુધવાર તા.૧૬-૧-૨૦૧૯ના સવારે ૭.૩૦ કલાકે ગુરૂગુણની નિરંતર વરસતી દિવ્ય કૃપા સહ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પૂણ્યબળે જ સાહિત્યદિવાકર, રાજસ્થાનદિપક, મોડપર પ્રતિષ્ઠાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા-૩ નું. લાલપુર ગામવાસીઓ દ્વારા ભાવભર્યું સામૈયું કરવામાં આવ્યું હતું. સવારના ૮ કલાકે ગામવાસીઓને મહારાજશ્રીના મુખે માંગલીક અને વ્યાખ્યાનનો લાભ મળ્યો હતો. ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા ગામવાસીઓ માટે નવકારશીની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૦૦થી વધુ શ્રાવક અને શ્રાવિકાઓએ લાભ લીધો હતો. બપોરના ૩ કલાકે આચાર્ય ભગવંતે ગોરખડી તરફ પ્રયાણ કર્યું હતું.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ચતુર્થ સંમેલન ૨૦૧૮માં પસાર થયેલ ઠરાવો (તા.૨૫-૧૨-૨૦૧૮)

**૧. નાની ન્યાતનું આપણી જ્ઞાતિમાં વિલિનીકરણ :**

મુંબઈ મહાજનની આગેવાની હેઠળ જ્ઞાતિના સર્વે મહાજનો-ગામોના અધિકારીઓ-અધિકૃત પ્રતિનિધિઓની તા.૨૩-૨-૨૦૦૮ના ભાંડુપ મુકામે બોલાવેલ અધિવેશનમાં ક.દ.ઓ.નાની ન્યાતનું આપણી જ્ઞાતિમાં થયેલ વિલિનીકરણને માન્યતા સહ સંમેલન નોંધ લે છે.

**૨. શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનનું સુધારેલ બંધારણ :**

તા.૨૫-૧૧-૨૦૧૮ના મળેલ મહાસમિતિની સભાએ સર્વાનુમતે પસાર કરેલ સુધારેલ બંધારણને સંમેલન આજ રોજ બહાલી આપે છે અને આજથી શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનનું નવું બંધારણ અમલમાં આવે છે.

**૩. કેડીઓ ગ્લોબલ કાર્ડ :**

જ્ઞાતિજનોની ઓળખ ઊભી કરવા માટે અને સરકારી કે ગેરસરકારી યોજનાઓના લાભ લેવા માટે તેમજ જૈન માયનોરીટી સ્ટેટ્સ, શિક્ષણ એવં અન્ય બાબતો માટે લાભ લેવા જ્ઞાતિના સર્વે જ્ઞાતિજનોનું કેડીઓ ગ્લોબલ કાર્ડ તથા ૨૪ કલાક કાર્યરત કૉલ સેન્ટર હોવું જરૂરી હોઈ તે બાબતની યંત્રણા ઉભી કરવા ખર્ચ કરવાની ટ્રસ્ટબોર્ડને સંપૂર્ણ સત્તા સાથે સંમેલન સંપૂર્ણ સત્તા આપે છે.

**ઠરાવ રજુ કરનાર :** સમસ્ત મહાજન ટેકો આપનાર : ચંદ્રેશ છેડા (રાયપુર), જયેશ જૈન

**ગ્લોબલ કાર્ડ સમિતી :** મિતેષ પી.લોડાયા (બેંગલોર), ફોરમ ડી.લોડાયા (વડોદરા), ચંદ્રેશ નાગડા (વડોદરા), વિનય એચ.લોડાયા (મુંબઈ), કુમાર બી.દંડ (મુંબઈ)

**૪. માયનોરીટી સેલ :** ભારત સરકારે જૈનોને લઘુમતિ (માયનોરીટી) સ્ટેટસ આપેલ છે. આ અન્વયે મળતી તમામ સગવડો અને ફાયદા જ્ઞાતિજનો માટે મેળવવાની યંત્રણા ઊભી કરવાની સંમેલન સંપૂર્ણ સત્તા આપે છે.

**ઠરાવ રજુ કરનાર :** કોઈમ્બતુર અને ગાંધીધામ મહાજન, ટેકો આપનાર : રમેશ (કુંવરજી) મેઘજી મોતા

**માયનોરીટી સેલ સમિતિ :** સર્વશ્રી મિતેષ એમ.ધરમશી, નીતિન આર.સાયલા, મયુર એમ.લોડાયા, આર્નવ પી.શાહ, અક્ષય અ.વિકમશી (ખામગામ), અરુણાબેન પ્રતાપ મોતા-ભાંડુપ

**૫. સમૂહ પહેડી :**

આપણી જ્ઞાતિમાં દેવી-દેવતા પીરની પહેડીઓનું ચલણ વધી ગયું છે. એક જ દેવીને માનતા જુદા જુદા ગોત્ર પોતાની પહેડી યોજે છે. ઘણા કુટુંબવાર યોજે છે. આ પહેડીઓમાં આમંત્રિત કરાનારા શ્રેષ્ઠીઓને આવવા જવાનું વ્યવસાઈક સમય વેડફાય છે. આ સમસ્યાનો બધાને માન્ય ઉકેલ શોધવા શ્રી પ્રવીણભાઈ લોડાયાના પ્રમુખપદે સમિતિ નિમવા સંમેલન ઠરાવે છે. સમિતિના સભ્યો નીમીને છ મહિનામાં અહેવાલ આપવા ભલામણ કરે છે.

**ઠરાવ રજુ કરનાર :** જયેશ જૈન/નયન ભેદા, ટેકો આપનાર : લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, મોનીક ધરમશી (હૈદ્રાબાદ)

**૬. શિક્ષણઃ**

શિક્ષણ ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ સ્કુલ-કોલેજ સાથે ટાઈઅપ કરી નવા એડમીશન માટે સીટ રીઝર્વ કરવી. એન્જીનિયરીંગ-મેડીકલ-કાયદાના પ્રવેશ માટે સંસ્થાઓના કોટામાં ડોનેશન વગર એડમીશન મેળવી આપી સહાયરૂપ થવું. ફી માટે VLVG કે દાતા સાથે વાત કરવી.

**ઠરાવ રજુ કરનાર :** રાજેશ છેડા/વિક્રમ પટેલ ટેકો આપનાર : કમલેશ દંડ

**૭. લોગો :**

ક.દ.ઓ.જ્ઞાતિની વિશ્વમાં આગવી ઓળખ ઊભી કરવા માટે સંમેલનમાં પસાર થયેલ લોગો, દરેક મહાજન, સંસ્થા તથા જ્ઞાતિજનો વાપરે એવું ઠરાવે છે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ચતુર્થ સંમેલન ૨૦૧૮માં પસાર થયેલ ઠરાવો (તા.૨૫-૧૨-૨૦૧૮)

**ઠરાવ રજુ કરનાર :** સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન

**૮. લવાદ પંચ :**

જ્ઞાતિમાં લગ્નજીવનના ક્લેશ તથા છુટાછેડાને લગતા કિસ્સાઓમાં સ્થાનિક મહાજન દ્વારા નિવેડો લાવવો. તેમ શક્ય ન હોય તો સમસ્ત મહાજન દ્વારા નિમાયેલ લવાદ પંચ દ્વારા યોગ્ય રીતે નિવેડો લાવવાની યંત્રણા ઊભી કરવી. (૧૯૯૧ના સંમેલનના ઠરાવ નં.૧૧ (ક) રિવાઈવલ માટે)

**લવાદ પંચ :** સર્વશ્રી પ્રવીણ એચ.લોડાયા, કિરીટ એલ.લાપસિયા, રાજેન્દ્ર એમ.ખોના, એડ.શ્રીમતી મીનલબેન બી.ખોના

**૯. સીનીયર સીટીઝન :** જ્ઞાતિના વૃધ્ધોને વૃધાશ્રમના દાખલ કરવાને બદલે તેમના માટે વિવિધ સ્કીમો યોજી તેમની વૈદ્યકિય સગવડ, ઈન્સ્યુરન્સ, આવક જેવા કામો કરવા એક સમિતિનું ગઠન કરવાનું ઠરાવે છે.

**ઠરાવ રજુ કરનાર :** શ્રીમતી હેમાબેન જી.છેડા **સીનીયર સીટીઝન સમિતિ :** સર્વશ્રી હેમાબેન જી.છેડા, રાયચંદ ડી. જીવાણી, પ્રદીપ એ.ખોના, કિશોર ટી.રતાણી (પુના), દીલીપ આર.નાગડા, પદમકુમાર ડી.નાગડા (હુબલી)

**૧૦. માયક્રોફાઈનાન્સ :**

સભા ઠરાવે છે કે સ્વરોજગાર (Self employed) જ્ઞાતિજનો માટે એક (microfinance)ની સ્કીમ કરવી. પોતાના વ્યાપાર માટે કોઈપણ જાતના કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ માટે રૂા.૫૦૦૦ થી ૧૦૦૦૦૦ સુધી લોન મળી શકશે. લોનની મૂળ રકમ ૩૬ મહિનામાં પરત કરવાની રહેશે. અરજી લોન માટેની વૈદ્યતા, ચકાસણી સ્થાનિક મહાજને કરીને સમસ્ત મહાજન પર મોકલવાની રહેશે. લોનમાં કોઈ સિક્યુરીટી કે કોઈ ગેરેન્ટી નહીં રહેશે. આ યોજના માટે ૧ કરોડ રૂા.નું ભંડોળ કરવું. જ્ઞાતિજનો પાસેથી ડોનેશન/વ્યાજ વગરની એફડી/લોન લેવી કે બેંક સાથે ટાઈઅપ કરવું.

**ઠરાવ રજુ કરનાર :** રાજેશ છેડા

**માયક્રોફાઈનાન્સ સમિતિ :** સર્વશ્રી રાજેશ આર.છેડા, પ્રદીપ કે.ગોશર, કેતન કે.નાગડા (નાંદેડ)

**૧૧. સંજીવની યોજના :** જ્ઞાતિજનોને ત્વરિત જરૂરિયાતની વૈદ્યકિય સહાય માટે લોકફાળો (crowd funding) ની યંત્રણા (App) મારફત સંજીવની યોજના ૧૦% એડમીનીસ્ટ્રેશન ચાર્જેસ સાથે ઊભી કરવાનું સંમેલન ઠરાવે છે અને ઘટતું કરવા સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડને સંપૂર્ણ સત્તા આપે છે.

**ઠરાવ રજુ કરનાર :** સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન

**૧૨. વેન્ચર કેટાલીસ્ટ ફંડ :** યુવાઓ/જરૂરિયાતમંદોને નવો ધંધો કરવા/ધંધો વધારવા મૂડીની જરૂર પડે તો તે માટે વેન્ચર કેટાલીસ્ટ Venture Katalyst ની સ્થાપના કરવાનું ઠરાવે છે.

**ઠરાવ રજૂ કરનાર :** રવિ ધરમશી

વેન્ચર કેટાલીસ્ટ સમિતી :

**૧૩. શાલીભદ્ર યોજના :** સમસ્ત મહાજન જ્ઞાતિ માટે અવિરત કાર્ય કરી શકે અને સંસ્થાઓ/જ્ઞાતિજનોને આર્થિક રીતે સહાયરૂપ બની શકે તે માટેની આર્થિક યોજના-શાલીભદ્ર યોજના-અમલમાં મૂકવાની સત્તા સંમેલન, ટ્રસ્ટ બોર્ડની ગર્વનિંગ કાઉન્સીલને આપે છે. દરેક કુંટુંબ દીઠ માસિક ફાળો સમસ્ત મહાજનને આપવાનો રહેશે.

**ઠરાવ રજુ કરનાર :** નયન ભેદા, ટેકો આપનાર : જયેશ જૈન/નિખીલ (નાગપુર), સંજય અજાણી

**૧૪. સમસ્ત મહાજન જીવદયા મધ્યસ્થ ફંડ :** આજનું સંમેલન આપણી જ્ઞાતિનું શ્રી કેડીઓ સમસ્ત મહાજન 'જીવદયા મધ્યસ્થ ફંડ' રચવા નક્કી કરે છે અને દરેક જ્ઞાતિજનોને ધાર્મિક એવં સારા/નરસા સામાજિક પ્રસંગે દાન આપવા વિનંતી કરે છે. સમસ્ત મહાજન જીવદયા મધ્યસ્થ ફંડ ભેગું કરવા અને એનો વપરાશ કરવા યંત્રણા ઊભી કરવા ટ્રસ્ટબોર્ડને સંપૂર્ણ સત્તા આપે છે. દરેક મહાજનને સહકાર આપવાનો અનુરોધ કરે છે.

**ઠરાવ રજુ કરનાર :** હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી ટેકો આપનાર : શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ચતુર્થ સંમેલન ૨૦૧૮માં પસાર થયેલ ઠરાવો (તા.૨૫-૧૨-૨૦૧૮)

તિલોકચંદ દંડ/જયેશ જૈન/રાજેશ

**સમસ્ત મહાજન જીવદયા મધ્યસ્થ ફંડ સમિતિ :** પ્રમુખશ્રી પ્રવિણ હંસરાજ લોડાયા તથા સભ્યો : પાંચ પાંજરાપોળના ટ્રસ્ટી પ્રતિનિધિઓ

**૧૫. બી ટુ બી :** આપણા જ્ઞાતિજનો વચ્ચે વ્યાપાર વિનીમય થાય એ પ્રકારની સ્કીમ તૈયાર કરવી એમ નક્કી કરવામાં આવ્યું હતું.

**ઠરાવ રજુ કરનાર :** રાજેશ મોમાયા ટેકો આપનાર : નિશીથ દંડ

ક.દ.ઓ.જ્ઞાતિજનો એકબીજા સાથે ધંધો કરી શકે/વધારી શકે તે માટે બી ટુ બી પોર્ટલની રચના કરવી.

**૧૬. આવાસ :**

બદલાપુરમાં ૩૨૦/૩૨૫ સ્કે.ફુટના બ્લોક દાતાઓની સહાયથી ખરીદી જ્ઞાતિજનોને ૫ વર્ષ માટે એલોટ કરવા. ભાડું ભરવાનું મેન્ટેનન્સ, ઈલે.પાણીના બીલ ભરવા. કાયદાકિય પેપર્સ સહી કરાવવા. દાતાઓ મળેથી આ સ્કીમ તૈયાર કરી બે વર્ષમાં પ્રોજેક્ટ પૂરું કરવાનું સંમેલન ઠરાવે છે. દાતા આવકાર્ય છે.

**ઠરાવ રજૂ કરનાર :** સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન પ્રોજેક્ટ

**૧૭. સ્વરોજ યોજના :**

જ્ઞાતિજનો ઘેર બેઠે કુટુંબની આવકમાં વધારો કરી શકે તે માટે વ્યવસાયિક ધોરણે ઉત્પાદન કરેલ વસ્તુઓના વેચાણને જ્ઞાતિની 'કેડીઓ બ્રાન્ડ'ની સંસ્થા/કંપની સ્થાપી, માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રચર ઉભું કરવા તેમજ ઉત્પાદન માટે યંત્રણા ઊભી કરવા સંમેલન ટ્રસ્ટબોર્ડને સંપૂર્ણ સત્તા આપે છે.

ઠરાવ રજુ કરનાર : સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન પ્રોજેક્ટ

**૧૮. દિવ્યાંગો માટે પેન્શન યોજના :** આપણી જ્ઞાતિના દિવ્યાંગો માટે પેન્શન યોજના શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સંમેલન ટ્રસ્ટબોર્ડને સત્તા આપે છે.

**ઠરાવ રજુ કરનાર :** સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન પ્રોજેક્ટ

**દિવ્યાંગ પેન્શન યોજના સમિતિ :** શ્રીમતી કાશ્મીરાબેન વી.લુઠિયા તથા પ્રિયાંક જે.નાગડા

# કે.ડી.ઓ. મહિલા મંચ ખામગાંવ દ્વારા મકરસંક્રાંતિની ઉજવણી કરાઈ

કે.ડી.ઓ. મહિલા મંચ ખામગાંવના જાસ્મિન અને લોટસ ગ્રુપ દ્વારા તા. ૧૩ જાન્યુઆરી રવિવાર રોજે દેવજી ખીમજી મંગલ કાર્યાલયમાં મકરસંક્રાંતિની ભવ્ય ઉજવણી કરાઈ.

કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્રથી થઈ. આ નિમિત્તે ગિતિકાબેન જયેશભાઈ વિકમશી દ્વારા ડિજિટલ નારી એ વિષય પર મહત્વપૂર્ણ સંભાષણ થયું. તેઓનું સ્વાગત સૌ. લિનાલી લોડાયા તથા સૌ.નિની નાગડાએ કર્યું. પ્રીતિ નાગડા તથા સૌ. સોનમ વિકમશીએ તેમને બેજ લગાવ્યો. સૌ. દિનાબેન લોડાયા, સૌ. હર્ષા નાગડા, શ્રીમતી પ્રવીણ દંડ, સૌ. હેતલ નાગડાએ તેમને શાલ શ્રીફળ આપી સન્માનિત કરયા. સૌ. વર્ષા લોડાયા હાલમાં નલિયા મધે યોજાયેલ ચતુર્થજ્ઞાતિ સંમેલન વિષેની માહિતી અનુભવ સૌને જણાવ્યા.

સૌ. હર્ષા નાગડાએ સાલની ઘડી ક્યાં જાય છે એ વિષય એ વિસ્તૃત જાણકારી પ્રદાન કરી. શ્રીમતી પ્રવીણ દંડ રેશમી ચુડી બનાવવાનો ડેમો સૌને આપ્યો. હેતલ નાગડા, નિની નાગડા અને પ્રીતિ નાગડાએ સૌને વિવિધ રમતો રમાડી સૌને આનંદ મોજમાં લાવ્યા.

બેસ્ટ મહારાષ્ટ્રિયન વેશભુષામાં સૌ. લિનાલી જતિન લોડાયા, બેસ્ટ ગાઉન લુકમાં સૌ. તૃપ્તિ હિરેન લોડાયાને તેમજ ગેમ્સમાં સૌ. સીમા લોડાયા વિજેતા થયા. તેઓ સૌને ઈનામ પ્રદાન કરાયા. આભાર દર્શન સૌ. સોનમ અંકુર વિકમશીએ કર્યું. આમ સર્વે મહિલા બહેનોના સહભાગથી મકરસંક્રાંતિની ઉજવણી આનંદ -ઉમંગથી કરાઈ.

# મુલુંડના જ્ઞાતિ યુવાનોની સુરત અમદાવાદ સુરતની સાહસિક સાઈકલ સફર











શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજ મુલુંડના ચાર યુવાનો આશરે ૬૦૦ કિલોમીટરની સફર ૩૯ કલાકમાં પૂર્ણ કરશે. કુલ્લ ૩૫ સાઈકલ સવારો આ સાહસિક યાત્રામાં જોડાયા જેમાં જ્ઞાતિના યુવકો યશ રમેશ છેડા (સુથરી), મેહુલ સૂર્યકાંત લોડાયા (રવા), જીતેન હરીશ મહેશ્વરી (જખૌ) તથા ભૌમિક પંકજ લોડાયા (સુથરી) હતા. સાઈકલ સવારોમાં બીએમઆર ૬૦૦ એક ચેલેન્જીંગ રાઈડ ગણાય છે. જે ચાલીસ કલાકમાં પૂર્ણ કરવાની હોય છે. જે માટે આ સૌ તા.૧૨ જાન્યુઆરી શનિવારે સવારે ૬ કલાકે સુરતથી રવાના થઈ અમદાવાદ થઈ પરત સુરત આવવા નીકળ્યા. જે પૈકીના ભૌમિક લોડાયા ૨૫૦ કિ.મી. પરથી રિટાયર્ડ થયા અને બાકીના સાઈકલ સાહસવીરો આગળ વધી રવિવારે તા.૧૩ જાન્યુઆરી રાતે ૯ કલાકે પોતાની સફર પૂર્ણ સફળતાથી સુખરૂપ પૂર્ણ કરી. આ સાહસિકવીરોને અભિનંદન અને તેમની સફર સુખરૂપ નીવડે અને મંઝિલ પામે એ માટે સૌએ શુભેચ્છા આપે.

# બાંડિયા જ્ઞાતિજનો દ્વારા અદ્‌ભૂત ગેટ ટુ ગેધર



બાંડિયાના જ્ઞાતિજનોની પિકનીક સહયાત્રા પ્રવાસ, ભક્તિ વંદના સાથે મિટિંગ સહિતની કાર્યવાહી થઈ. તા.૧૩ જાન્યુઆરી ૨૦૧૯ રવિવાર રોજે ૫૦ જણ એક મીની બસમાં ભાંડુપથી અને બીજી મીની બસ ડોંબિવલીથી નાસિક માટે નીકળ્યા.

રસ્તામાં નવકાર પરમેષ્ઠી ભક્તાર જૈન સ્તવન બોલતા શાહપુર તીર્થ પહોંચ્યા. માનસ મંદિરમાં સેવા, પૂજા, દર્શન કરી દેવલાલી નવા વિમલનાથ દેરાસરે દર્શન કરી. પ.પૂ.જયદક્ષિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.હિમાંશુશ્રીજી મ.સા.ને વંદન કરી માંગલિક વ્યાખ્યાન સાંભળી માતુશ્રી સદગુણાબેન મુલચંદ પટેલ પરિવાર બાંડિયા તરફથી સંઘ પૂજન થયું ને સરસ મઝાના કેસરીયા દૂધપાકનો આસ્વાદ માણ્યો.



નાસિકનો માર્ગ બતાડવા દેવલાલી સુગર મર્ચન્ટ કેન્ટીનવાળા શૈલેશભાઈ ખાસ પોતાના કાર લઈ દેવલાલીથી નાસિક હોલ સુધી આવી રાહબર બન્યા. બાંડિયાના અને નાસિકમાં રહેતા આણંદજી શીવજી લોડાયા પરિવારના બધા સભ્યો તથા રાજેશ હિરાચંદ લાલકા પરિવારના સભ્યોએ ભાવપૂર્વક સૌનું સ્વાગત કર્યું. સૌ પ્રથમ પહોંચતા વેંત ઠંડક ભર્યા વાતાવરણમાં ગરમાગરમ ટોમેટો સૂપનું પાન કરી સુંદર સ્વાદિષ્ટ ભોજનની લહેજત માણી.

સુંદર સજાવટ ભર્યા સ્ટેજ ઉપર ટ્રસ્ટીઓ સાથે નરેન્દ્ર લોડાયા, રાજેશ લાલકા અને પુષ્પાબેન લોડાયા મંચસ્થ થયા. ત્રણ નવકાર પઠન કર્યા પછી સભાની શરૂઆત થઈ. બાંડિયાના નજીકના ગાળામાં સ્વર્ગસ્થ પામેલ જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ આપી. નાસિક જ્ઞાતિબાંધવો વતી દિપક નવીનચંદ લોડાયાએ મુંબઈથી પધારેલ સૌનું ભાવપૂર્વક આવકાર આપેલ. ટ્રસ્ટીશ્રી કિરીટ લોડાયાએ સભાની શરૂઆતમાં બધાનું સ્વાગત કરી આજના સભાની રૂપરેખા સમજાવી.



ટ્રસ્ટીઓની વિનંતીથી બાંડિયામાં મહાજન તેમજ ટ્રસ્ટનું સંપૂર્ણ કારોબાર સંભાળતા નરેન્દ્ર રાઘવજી લોડાયાએ છેલ્લા વર્ષનો ઓડિટ રીપોર્ટ રજૂ કર્યો. જેઓને બંધારણની કલમો વિષે માહિતી ન હતી તેમને તે સમજાવીને બાંડિયામાં થયેલ નવા કામોની તથા હજી થનાર બીજા નવા કામોની સૌને જાણકારી આપી.

અંતમાં ટ્રસ્ટીશ્રી કિરીટ લોડાયાએ દરેક ચીજની સુયોગ્ય વ્યવસ્થા કરવા બદલ શ્રી આણંદજી શિવજી લોડાયા પરિવાર તથા ખાસ કરીને અ.સૌ.ગીતાબેન લહેરચંદ લોડાયા, અ.સૌ.ચેતનાબેન ખુશાલ લોડાયા, અ.સૌ.જ્યોતિબેન લક્ષ્મીચંદ લોડાયાનું કીટી પાર્ટી સાથે ટ્રસ્ટની સભાનું સુંદર આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સૌ બહેનોએ કીટી પાર્ટીના મોજ માણી હતી. બાદ સૌ એ ચોવિહારનો લાભ લીધો. નવીનચંદ્ર આણંદજી લોડાયા (નવીન ભા)ને આદરપૂર્વક મળી સૌ મુંબઈ ભણી પ્રયાણ કર્યું. રાતે ૧૧ વાગે સૌ પોતાના નિવાસ સ્થાને પહોંચ્યા. આમ આનંદ, મોજ, મઝા સૌ સાથે રહી દિવસને યાદગાર બનાવ્યો.

# તિરૂપુર નગરે વિવિધ સેવા કાર્યો કરવા બદલ એવોર્ડ એનાયત થયો

મુયરાચી મક્કલ અમીયપુ દ્વારા તિરૂપુર તેમજ આસપાસના વિસ્તારમાં વિવિધ તરેહથી સેવા કાર્યો સતત કરાતા રહે છે. હાલે તા. ૧૨ જાન્યુઆરી શનિવાર રોજે વિવેકાનંદ સેવાલય દ્વારા સેવા સંગઠન મુયરાચી મક્કલ અમીયપુને બેસ્ટ સોશ્યિલ સર્વીસ સમાજને પ્રદાન કરવા બદલનો એવોર્ડ અનાયત કરાયો. આ એવોર્ડ ફંકશનના ચીફ ગેસ્ટ રીટાયર્ડ આઈ.પી.એસ. શ્રી કાલીયામૂર્તિ અને તિરૂપૂર સાઉથના ધારાસભ્ય શ્રી ગુણાશેખર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. સ્કૂલ વિદ્યાર્થીઓ અને વિવિધ અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા. કેડીઓ જ્ઞાતિ સમાજના સભ્ય પ્રતાપભાઈ નાગડા અને સતિષ એચ. નાગડા ઉપસ્થિત રહ્યાં હતા અને બેસ્ટ સોશ્યિલ સર્વીસની ટ્રોફી મુયરાચી મક્કલ અમીયપુના અન્ય સભ્યો સાથે સ્વીકારી હતી. કાર્યક્રમ અંતે ઉપસ્થિત ૩૫૦૦ જેટલા સૌએ વિવેકાનંદ સેવાલય દ્વારા તૈયાર કરાયેલ જમણવારનો લાભ લીધો હતો.

# ગોરેગાંવ નગરે અધ્યાત્મયોગી પ.પૂ. ગુરૂદેવ ઉદયરત્નસાગરજીની પધરામણી

ગોરેગાવના મંગલ આંગણે સંવત ૨૦૭૪ વર્ષનું ઐતિહાસિક ચાતુર્માસ કરનાર અધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્ન સાગર મ.સા. તથા ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. ગોરેગાંવ સંઘના આંગણે તા.૨૩ જાન્યુઆરી ૨૦૧૯ બુધવાર રોજે પધારશે અને આખા દિવસની સ્થિરતા કરશે. તેઓશ્રી તા.૨૪ ગુરૂવાર રોજે સવારના મલાડ તરફ વિહાર કરશે.

એમનું ભાવભર્યું સામૈયા જવાહર નગર સોસાયટી હોલ પાસે સવારના ૭.૩૦ કલાકે સકળ સંઘની ઉપસ્થિત સાથે કરાશે. તેઓનું વ્યાખ્યાન ઉપાશ્રયમાં સવારના ૮.૩૦ થી ૯.૩૦ દરમ્યાન રહેશે. દરેક ગોરેગાંવવાસીઓને સામૈયામાં તેમજ વ્યાખ્યાન શ્રવણ કરવા પધારી લાભ લેવાનું આમંત્રણ છે.


Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



WORK IS WORSHIP
MA OM PARIVAHAN PVT. LTD.

Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781


# અભય જયેશભાઈ શાહની અભ્યાસ વિશેષ સિદ્ધિ



કલકત્તા મધે તાજેતરમાં નેશનલ સ્ટોક એક્સચેંજ ફાઈનાસિયલ મોડયૂલ પરીક્ષામાં અંબડ શહેરના અભય જયેશભાઈ શાહ-ધરમશીએ ૧૦૦માંથી ૯૮ માર્કસ મેળવવાની વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સદર પરીક્ષામાં આઠ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ. જેમાં માત્ર ૨૦૦ જણએ વિશેષ પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યુ જેમાં અભય શાહ સર્વ પ્રથમ રહ્યાં હતા. છેલ્લાં એક દાયકાથી આ પરીક્ષા લેવાતી હોવાનો ગ્રાફ જોઈએ તો આમાં સર્વ પ્રથમવાર અભય શાહ એ સર્વાધિક સ્કોર-ઉચ્ચતમ માર્ક મેળવનાર પ્રથમ વિદ્યાર્થી છે. આ પ્રાપ્ત કરેલ સિદ્ધિ બદલ તેને સર્વત્રથી શુભેચ્છા સંદેશ મેળ્યાં છે.

# જામનગરમાં નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન



જામનગર અચલગચ્છ સંઘમાં શ્રાવકો માટેના લગભગ ૫૦૦૦ ફૂટના નૂતન ઉપાશ્રયનું ઉદ્દઘાટન રવિવાર ૧૩/૦૧/૧૯ના પ.પુ.આ.ભ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા, પ.પુ.આ.ભ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા આદિ ઠાણાની નિશ્રામાં ધામધૂમ થી થયેલ.

આ સંઘના યુવાનોની પોતાની અલગ બેન્ડપાર્ટી છે... જૈન સ્તવનની સુરાવલીથી સજ્જ આ ટિમ સમગ્ર જામનગરમાં વખણાય છે. પૂજ્ય ગુરુવરો જામનગરથી વિહાર કરી ગિરનાર મહાતીર્થમાં ૯૯ યાત્રામાં પધારશે.





# કરાડનગરે પ્રતિષ્ઠા પ્રસંગે નવગ્રહ પૂજન અને અનુષ્ઠાન













કરાડ ઓઘલેવાડી પ્રતિષ્ઠા પ્રસંગે પ્રભુજીનો પ્રવેશ અને નવગ્રહ આદિ પૂજન અનુષ્ઠાન પ.પુ.ધર્મપ્રભસાગરજી મ.સા ની નિશ્રામાં ગઈકાલે થયેલ. જેમાં સકળ સંઘના શ્રાવક શ્રાવિકોઓની બહોળી હાજરીથી પ્રસંગ ધન્ય થયો હતો.

# જીવદયા પ્રેમીને સલામ



મૂળ બાંડિયા કચ્છના હાલે મસ્જિદબંદરમાં રહેતા લવકુમાર વિરચંદભાઈ લાલકા ઉંવ. ૫૬ અબોલ જીવના ઉદ્ધારક છે. મુસીબતમાં સપડાયેલ પશુ પક્ષીઓને ઉગારી તેમનો જીવ બચાવે છે. ખાસ કરીને દરવર્ષે મકરસંક્રાતિ ઉતરાયણ પર્વના દિવસોમાં તેઓ જે સેવા કરે છે. એ નિખરી ઉઠે છે.

આ વર્ષે પણ તેમના મસ્જિદ બંદર વિસ્તારમાં પતંગ માંજામાં સપડાયેલ બે કબૂતરને મહામહેનતે કલાકોની જહેમતથી બચાવી તેમનો જીવ ઉગારયો. બન્ને કબૂતરની આસપાસ બેથી ત્રણ મીટર કાચ પાયલ માંજો મહામહેનતથી કાઢીને અબોલ જીવોને ઉગારયા અને હેમખેમ વ્યોમ ગમન કર્યા. તેમના જીવદયા કાર્યની શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન બાંડિયા અનુમોદના કરી બિરદાવે છે.

## પ.પૂ. આ.ભ. શ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.ની વડોદરા નગરે પધરામણી

અખંડ ૧૭ વર્ષી તપ આરાધક, તપસ્વીરત્ન, અજોડ શાસન પ્રભાવક, સૂરિમંત્ર પંચ સ્થાન સમારાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.શંખેશ્વર તીર્થ મધે ઐતિહાસિક અઠમ તપ કરાનીને વડોદરા નગરમાં ચંદ્રકાંતભાઈ (થોભન) ખોનાને ઘરે પધરામણી કરી ત્યારબાદ તા. ૧૯ જાન્યુઆરી ૨૦૧૯ શનિવાર રોજે કે.ડી.ઓ નગર વિમલનાથ પ્રભુ જિન ાલયમાં સ્થિરતા કરવાતા સવારે ૯.૩૦ કલાકે સકળ સંઘના શ્રાવકીઓએ ભાવભર્યુ સામૈયું કર્યુ. આચાર્ય ભગવંત મ.સા.ના કરકમળો દ્વારા, વિમાલનાથ જિનાલય જીની પ્રથમ અંજન શલાકા મહોત્સવ થયો હતો.




શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# જીરાવલ્લા સંઘ ઘાટકોપરમાં પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.ની પધરામણી



ઘાટકોપરમાં જીરાવલ્લા સંઘ માં પ.પુ.ઉદયરત્નસાગરજી મ.સા પધારેલ તેમનું સામૈયું દામજી શામજી ચોકથી કરાયેલ.










## જ્ઞાતિમૈયા માં

### આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

### અથવા વૉટ્સએપ પર મોકલો

**9769991922**

**9820302853**

**9322257731**

# સગપણ સેતુ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.



આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Personal Details :**
Name : Labdhi Nagda
DOB : 02-10-1993
Time : 07.20 pm
Birth Place : Khirkiya Dist.Harda
Home Town : Indore
Height : 5.5"
Weight : 47 kg
Color : Fair
Qualification : B.Com
Hobby : Music & Watching T.V.
Occupation : Family Business
Sampradaya : Shwetamber Murtipujak (Jain)
Culture : Kutchi Dasa Oswal
Native Place : Lala (Kutch, Gujarat)

**Paternal Family Detail :**
Grand Father : Bhavanji Vershi Nagda
Grand Mother : Laxmibai Nagda
Father Name : Naresh Nagda (9425635623)
Mother Name : Chetna Nagda (9406605096)
Siblings : Mayank Nagda (Married)

**Maternal Family Details :**
Grand Father : Manilal Shivji Maisheri
Grand Mother : Gunvantibai Maisheri

**Father Busines :**
Manufacturing In Readymade Garments

**Resident Address :**
34, Royal Bunglow, Shivalya, Bijalpur, Indore(M.P.),
Pin Code - 452 012.

Gyatimaiya KDO Mahajan Code No. G-18



**Personal Information :**
Name : - Yuvraj Sharad Poladiya
Address : - D-1, Sitaram Nagar Chs, Opp. Raymond Showroom, Dombivli (East) Mumbai, Pincode – 421 201.
Age : - 34 Years
Dob : - 26th Feb 1984
Height : - 5". 11" Inch
Weight :- 70 kgs
Birth Place : - Yavatmal, Maharashtra
Birth Time : - 02.55 P.M
Caste : - Jain Kutchhi Dasa Oswal, Achalgatch.
Native Place : - Goersama
Marital Status : - Unmarried
Hobbies : - Collecting Currency Notes, Cricket & Music
Education : - It & Computer
Occupation : - Self Employeed
Contact No :- 9833903329
**Family Information:**
Father's Name :- Shri Sharad Govindji Poladiya
Occupation :- Job
Contact No :- 9702427117
Mother's Name :- Sau.Sandhya Sharad Poladiya
Occupation :- Housewife
Elder Brother :- Ojas Sharad Poladiya (Stays In Kandivali)
Married to Prisha Ojas Poladiya
Occupation :- Job

Gyatimaiya KDO Mahajan Code No. B-15

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# ભારત સરકારની દિનદયાળ દિવ્યાંગ પુનર્વાસ યોજના (ડીડીઆરએસ) વિષે માહિતી

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ભારત સરકાર.- દ્વારા દિનદયાળ દિવ્યાંગ પુર્નવાસ યોજના (ડીડીઆરએસ), દિવ્યાંગજનોના પુનર્વાસને માટે કાર્યરત સ્વૈચ્છિક સંગઠનો ને પ્રારંભીક ઉપાય વિશેષ શિક્ષા અને સામુદાયિક સહાયતા વગેરેના ક્ષેત્રોમાં વિતીય સહાયતા પ્રદાન કરે છે.

યોજના સંશોધિત કરેલ છે અને વિતીય સહાયતામાં ૨.૫ ગુણા સુધી વૃદ્ધિ કરેલ છે. પરિયોજના કાર્યાન્વયન એજન્સીઓ હવે સ્વીકાર્ય અનુદાન સહાયતામાં ૯૦ ટકા સુધી, હકદાર થશે. વિશેષ ક્ષેત્રો (યોજનામાં નિર્દિષ્ટ)ની બાબતોમાં ૧૦૦ ટકા હકદાર થશે. રાજ્ય સરકાર દ્વારા આવેદન અને ભલામણ મોકલવાની પ્રક્રિયા સરળ કરવામાં આવી છે.

યોજનાની વિસ્તૃત માહિતી આ વિભાગની વેબસાઈટ

www.disabilityaffairs.gov.in ઉપર ઉપલબ્ધ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# કચ્છમાં ૭૩ સાર્ધમિક પરિવારોને રાશન સામગ્રી અર્પણ કરાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતિ ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈનાં સહયોગથી ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ તથા પ્રવિણ લોડાયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી વિસ્તારોમાં રહેતા સમાજનાં ૭૩ સાધર્મિક પરિવારોને ૨૧ વસ્તુઓ સાથેની રાશન સામગ્રી ઘરોઘર જઈ હાથો હાથ અર્પણ કરવામાં આવેલ. તેમજ દરેક જિનાલયમાં ઉપકરણોની સામગ્રીની પહોંચાડવામાં આવેલ. તેમજ ૧૪ જૈનેત્તર પરિવારોને પણ રાશન સામગ્રી આપવામાં આવેલ.

માંડવી આશ્રમનાં વૃદ્ધ વડીલોને પણ નવા વસ્ત્રો અર્પણ કરવામાં આવેલ. શ્રી રામદેવ સેવાશ્રમપાલારા-કચ્છના માનસિક દિવ્યાંગોને તથા ભુજની માનસિક આરોગ્યની હૉસ્પિટલના દર્દીઓને વસ્ત્રો તથા મિઠાઈ વિતરણ કરવામાં આવેલ. માંડવી આશ્રમ તથા વિવિધ સંસ્થાઓમાં નાસ્તાના પેકેટ. બિસ્કીટ, ચોકલેટ, માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા-પરિવાર-વારાપધર હાલે ઘાટકોપર તરફથી નાઈટી, બરમુડા, ટોપી, સ્વેટર, માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ-સાંધવ, STITCH ELL સંદિપ લોડાયા-સાંધવ તરફથી સુરવાલ ઝબ્બો, ટીશર્ટ, ચેતન દયારામ રાજગોર-સાંધવ તરફથી તથા બહેનો માટે ઈમીટેશન જ્વેલરી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રૃપ-મુંબઈ દ્વારા આપવામાં આવેલ.

વિતરણ વ્યવસ્થા કિરણ દંડ, પ્રબોધ મુનવર, ભદ્રીક મૈશેરી, દિપેશ મુનવર, ચેતન પીર, કુસુમ લાલકા, વિનોદ લાલકા,રાજેશ લોડાયા, મહેશ નાગડા, સોમચંદ નાગડા, પ્રવિણ મોતા, હેમંત મોતા, મુકેશ દંડ, હિતેશ પટેલ, મનોજ ગાલા, રાજેશ દંડ, હુશેન હિંગોરા, રજાક હિંગોરા, લાભુમારાજ, બુધિયા ગઢવીએ સંભાળી હતી.





# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચાયત દ્વારા છઠ્ઠા સ્નેહ મિલન અવસરે જ્ઞાતિની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલા વસ્ત્રોનું નિર્દેશન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. નવ નિર્વાચિત કારોબારીનો સમાજ સાથે પરિચય સંવાદ યોજાયો હતો.

● આદિપુર જાયન્ટસ ગ્રુપ ઓફ સહેલીને વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિ સંદર્ભે બે એવોર્ડ મેળવવાની સિદ્ધિને એક બેઠકમાં સરાહના કરાઈ હતી. સંસ્થા અધ્યક્ષા  ડિમ્પલ આચાર્યએ એક વર્ષ પૂર્વે શપથવિધિમાં ૫૧ સેવા પ્રવૃતિઓનો નિર્ધાર વ્યક્ત ર્ક્યો હતો. છેલ્લી સેવા પ્રવૃતિ રૂપે એક સંસ્થાને વ્હીલચેર અર્પણ કરાઈ.

● ગુજરાત સરકાર કચ્છના કાયદા રક્ષકો માટે ૨૩૦ આવાસોનું નિર્માણ કરશે. જેમાં અંજારમાં ૩૬, ગાંધીધામમાં ૪૮, આદિપુરમાં ૨૪, લાકડિયામાં ૩૨, દુધઈમાં ૬૬ અને મુંદરામાં ૨૪. આ ઉપરાંત પૂર્વ અને પશ્ચિમ કચ્છમાં ત્રણ નવા પોલીસ સ્ટેશન જે લખપત તાલુકાના નરા અને દયાપરમાં અને પૂર્વ વિસ્તારના વાગડમાં લાકડિયામાં બંધાશે.

● અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા નખત્રાણા ખાતે ૧૪  સમૂહલગ્નમાં ૧૪ યુગલો પ્રભુતામાં પગલાં પાડ્યા. આ પ્રસંગે ૧.૩૬ કરોડના ગૌસેવા માટે દાન જમા થયું હતું., આ અવસરે ઉપસ્થિત ધારાસભ્ય નીમાબેન આચાર્ય આગામી લગ્નોત્સવમાં સર્વ જ્ઞાતીય ૧૦૮ યુગલ જોડાય તેવું આયોજન કરવા જણાવ્યું હતું.

● દુબઈમાં કારા જ્વેલર્સ નામથી કારોબાર ધરાવતા ફરાદીના ગૌ પ્રેમી દાતા મણિશંકર પેથાણી પરિવાર વર્ષ ૨૦૧૦ થી ગામની ગાયો માટે ૩૦ લાખ જેટલા ખર્ચે છે. આ વર્ષે નબળું હોતા ૫૦ લાખ રૂા. ની રકમ ફાળવી છે. રાજગોર જ્ઞાતિના મૂળ ખેડૂત પરિવારના હોવા છતાં હોશિયારી અને મહેનત તથા કાબેલિયતથી દુબઈમાં કચ્છીયતનું નામ રોશન કર્યુ છે તો પણ વતન માટે ભારોભાર ચાહત રાખે છે.

● મુંબઈના કે.જે.સોમૈયા ટ્રસ્ટના ટ્રસ્ટી અને તેરાના વતની સમીરભાઈ શાંતિલાલ સોમૈયાના હસ્તે તેરા ગામે નૂતન લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન કરાયું. લાયબ્રેરીમાં ગુજરાતી હિન્દી, કચ્છી અંગ્રેજી ભાષાના ૧૮૦૦ જેટલાં પુસ્તકો ઉપલબ્ધ છે. લાઈબ્રેરી  ઈન્ચાર્જ તરીકે ભરતભાઈ વાસુ નિયુક્ત કરાયા છે. ઉદ્યોગપતિ સોમૈયાએ ગામની કોઈપણ સમસ્યા હોય તે માટે વિના સંકોચ રજૂઆત કરવા જણાયું હતું.

● બી.એસ.એફ.બોર્ડર સિક્યોરિટી ફોર્સ દ્વારા ખાવડા હાઈસ્કૂલ ગ્રાઉન્ડ સરહદી ગ્રામીણ ઈલાકાના યુવાનો માટે તેમજ પ્રાથમિક શાળાના બાળકો માટે ક્વીઝ, કબ્બડી, રસ્સીખેંચ જેવી રમતોનું આયોજન કરાયું. વિજેતાઓને તેમજ ભાગલેનાર પ્રત્યેકને ઈનામ તેમજ સ્મૃતિ ભેટ અપાઈ હતી.

● નેશનલ એસોશિયેશન ફોર ધ બ્લાઈન્ડ કચ્છ શાખા દ્વારા વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી સંસ્થાના કાર્યાલયમાં કરવામાં આવી. જેમાં જરૂરત મંદ પ્રજ્ઞાચક્ષુ ભાઈબહેનોને સ્વેટર અને સ્ટિકનું વિતરણ કરાયું.

● વતનમાં અછત પરિસ્થિતિને અવસરમાં પલટવા વિવિધ સેવાભાવી સંસ્થાઓ આગળ આવતી રહે છે. માધાપરની વાગડ બે ચોવીસી જૈન યુવક મંડળ દ્વારા યક્ષ મંદિર સામે ગૌપૂજન દ્વારા નીરણ કેન્દ્રનો પ્રારંભ કરાયો. જેમાં એક હજારથી વધુ ગાયોને સવારે લીલોચારો અને બપોર પછી સૂકાચારાનું નીરણ કરવામાં આવશે. આવી જ રીતે ભુજ તાલુકાના વિવિધ ગામોમાં નીરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

● વી.બી.સી. મહિલા મંડળ ભુજ દ્વારા અંતાક્ષરી તેમજ દાંડિયારાસ સ્પર્ધા યોજાઈ જેમાં સાત ગ્રુપોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે કૃપા નાકર એ સેવા આપી હતી.

# જીવન ઘટમાળ

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૨-૨૦૧૮ | થાણે | મોક્ષલ ગૌતમ રતિલાલ લોડાયા | સુથરી (રાણપર) | ૩૨ |
| | થાણે | રેણુકા ગુલાબ મણિલાલ લોડાયા | નલિયા | ૨૯ |
| ૧૫-૦૧-૨૦૧૯ | સેઘવા | વિજય ગુલાબ ડુંગરશી ખોના | નલિયા | ૨૫ |
| | ડોંબિવલી | પ્રિયંકા પીયુષ રતનશી લાપસિયા | સુથરી | ૨૩ |
| ૧૭-૦૧-૨૦૧૯ | નાહુર | રોનક ચંદ્રકાંત મેઘજી મોમાયા | વરાડિયા | ૨૬ |
| | ડોંબિવલી | સ્નેહા દિનેશ કલ્યાજી નાગડા | જખૌ | ૨૪ |
| ૧૭-૦૧-૨૦૧૯ | ડોંબિવલી | રાજ સુરેશ કુંવરજી ડાઘા | દલતુંગી | ૨૬ |
| | ડોંબિવલી | શિલ્પા શરદ સોમચંદ લોડાયા | સાંધવ | ૨૪ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૧-૨૦૧૯ | ઘાટકોપર | અંકિત ચેતન દામજી નાગડા | રંગપુર | ૨૫ |
| | ચેમ્બુર | આયેશા રાજીવ જગદીશપ્રસાદ ખન્ના | દિલ્હી | ૨૫ |
| ૧૭-૦૧-૨૦૧૯ | નાસિક | પ્રેમ ખુશાલ રતિલાલ લોડાયા | બાંઢીયા | ૨૭ |
| | નાસિક | પ્રાચી દિલીપભાઈ બાબુભાઈ જોષી | સુથરી | ૨૭ |

**● લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૨-૨૦૧૮ | ઈગતપુરી | કરણ દિનેશ મણીલાલ પોલડિયા | ગોએરસમા | ૨૬ |
| | ડોંબિવલી | કાજલ અભય શિવજી શિયાલ | તેરા | ૨૫ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૧-૨૦૧૯ | ધુલીયા | રાજેશ લક્ષ્મીચંદ મોતા | વારાપધર | ૪૩ |
| ૧૩-૦૧-૨૦૧૯ | ડોંબિવલી | નિર્મલા આણંદજી નાગડા | જખૌ | ૫૯ |
| ૧૩-૦૧-૨૦૧૯ | ડોંબિવલી | મણીબાઈ (મુક્તાબાઈ) દામજી ધરમશી | ભરૂડીયા | ૮૩ |
| ૧૪-૦૧-૨૦૧૯ | ડોંબિવલી (પ.) | પ્રવિણા કલ્યાણજી ધરમશી | સિંધોડી નાની | ૬૩ |
| ૧૬-૦૧-૨૦૧૯ | ભાડુંપ(પ.) | નરેશ સોમચંદ દંડ | સુથરી | ૪૬ |
| ૧૭-૦૧-૨૦૧૯ | બોરીવલી (પૂ) | વિમલા રાયચંદ શિયાલ | દલતુંગી | ૭૮ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**


K.D.O STUDENTS ASSOCIATION
Estd. 1954
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા
શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઈ
SHREE K.D.O STUDENTS ASSOCIATION
આયોજિત
૬૫ મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો
હલ રે વણજારા તોકે કચ્છડો વતાંઈયા...
કચ્છી મેળામાં સર્વે ક.દ.ઓ. જ્ઞાતિજનોનું હાર્દિક સ્વાગત છે.
સ્થળ :
અનંતનાથ કોમ્પલેક્સ ગ્રાઉન્ડ
કાંજુરમાર્ગ (ઇસ્ટ)
:: શુભ દિન ::
તા. ૦૩.૦૨.૨૦૧૯
રવિવાર
સમય :
સવારે ૧૦:૦૦ કલાકે થી
રાત્રે ૧૦:૦૦ કલાકે સુધી
ટ્રેડ એન્ડ ફન-ફેર
શૈક્ષણિક પુરસ્કાર વિતરણ
સાંસ્કૃતિક કાર્યક્રમ
ગરબા-રાસ નીરવ બારોટ સંગાથે...
ગેમ્સ ઝોન અને કિડ્સ પ્લે
Many more surprises...
સોવિનિયર
અને
ઇ-સોવિનિયર
વિમોચન
ઉપરના કાર્યક્રમમાં ફેરફારનો સંપૂર્ણ અધિકાર વિદ્યાર્થીસંઘને રહેશે.
President
Shri. Hemil Jayesh Dand
Ghatkopar (Varadia)
Vice President
Shri. Urmin Jayesh Lodaya (Shah)
Ghatkopar (Suthri)
Secretary
Ku. Ekta Udayan Lodaya
Mulund (Moti Sindhodi)
Treasurer
Shri. Rushabh Gulab Poladia
Bhandup (Dumra)
Follow Us on Social Media | / shreekdovs

# NOW SAVE UPTO 99%# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO